# ખેડબ્રહ્માંમાં ૧૧.૧૧ લાખનું દાન લઈ સમાજવાડીમાં લગાવેલી તક્તી તોડી નાંખતા પોલીસ ફરીયાદ

## સમાજના પ્રમુખ સહિત બે સામે ગુનો દાખલ : દાન પરત ન આપતાં વિવાદ વકરવાની દહેશત

ખેડબ્રહ્મા, તા.૧૪

ખેડબ્રહ્માના શામનગરમાં ૨૮ ગામ રોહિત સમાજ પરગણા સમાજની વાડીમાં રૂા.૧૧,૧૧,૦૦૦/-નું દાન લીધા પછી લગાડવામાં આવેલી તક્તી તોડી નાંખવામાં આવતાં વિવાદ ઉભો થયો છે. દાતા દ્વારા તેમના માતા-પિતાના સ્મણાર્થે દાન આપી તક્તી સમાજવાડીમાં લગાડવામા આવી હતી પરંતુ સમાજના પ્રમુખ અને અન્ય રાજકીય આગેવાનોએ તોડી નાંખતા મામલો પોલીસ દફતરે પહોંચી ગયો છે. બનાવ અંગે ખેડબ્રહ્મા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. વડાલી તાલુકાના ભાણપુર વસાહતના વતની અને હાલ હિંમતનગરની શારદાકુંજ સોસાયટીમાં રહેતા નટવર મોહનભાઈ પરમારે તેમના માતા-પિતાના નામની તક્તી ખેડબ્રહ્મા ખાતે આવેલ સમાજની વાડીમાં લગાવવા માટે રૂા.૧૧,૧૧,૦૦૦/-નું દાન આપ્યું હતું જેમાં દાન આપ્યા પછી રોહિત સમાજની વાડીમાં તક્તી પણ લગાડવામાં આવી હતી. દરમ્યાન ગત તા.૨૮, મેના રોજ ૨૮ ગામ રોહિત સમાજ પરગણાના પ્રમુખ માધાભાઈ ખેમાભાઈ પરમાર (રહે.ચાંપલપુર, ખેડબ્રહ્મા) અને રાજકીય આગેવાન મહેશભાઈ સોલંકીએ ભેગા મળી સમાજવાડીની તક્તી ખોડી નાંખી નુકશાન કર્યું હતું. જયોર દાન પેટે લીધેલા રૂપિયા પણ સમાજના આગેવાનોએ પરત ન આપતાં વિવાદ ઉભો થયો છે. સમાજના અન્ય આગેવાનોની મધ્યસ્થીથી દાતાએ આ



મુદ્દે ઉકેલ લાવવા માટે પ્રયત્નો કરી જોયા હતા પરંતુ કોઈ ફળદાયી પરિણામ મળ્યું નથી. જેથી આખરે કંટાળીને આ મુદ્દે પોલીસ ફરીયાદ કરવામાં આવી હતી. જેના આધારે પોલીસે માધાભાઈ પરમાર અને મહેશભાઈ સોલંકી વિરૂધ્ધ વિશ્વાસઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જિલ્લામાં ભારે વરસાદથી રોડ સાઈડોનું ધોવાણ : અસંખ્ય વૃક્ષો પડવાનું હજુ જોખમ

## સાઈડો ધોવાતાં ડામર રોડને ભારે નુકશાન થવાની સંભાવના



બાયડ, તા.૧૪

જિલ્લામાં તાજેતરમાં વરસેલા વરસાદથી કાચા-પાકા મકાનોના પાયા હચમચતાં મકાનો ધરાશયી થવાની ઘટનાઓ સામે આવ્યા પછી હવેરોડ સાઈડોનું પણ ભયજનક રીતે ધોવાણ થયું છે. વરસાદી પાણીના કારણે રોડ સાઈડની જમીનો ધોવાઈ તે સાથે વૃક્ષોના મુળીયા ઉખડી ગયા છે જેથી અસંખ્યા વૃક્ષો પડવાનું જોખમ વધ્યું છે. ડામર રોડ તહસ નહસ થવાની સંભાવના વ્યક્ત કરાઈ છે.

વરસાદે ધબડાટી બોલાવતાં અનેક વિસ્તારો હજુ પણ જળતરબોળ જોવા મળી રહયા છે. વરસાદના કારણે અનેક પરિવારો અસરગ્રસ્ત થયા છે અને તે સાથે રસ્તાઓને પણ ભારે નુકશાન થયું છે. જિલ્લામાં હાઈવે તેમજ ગ્રામ્ય વિસ્તારના ડામર રોડની સાઈડો વરસાદી પાણીના કારણે ધોવાઈ ગઈ છે. રોડ સાઈડોમાં વરસાદી પાણી અવરોધાયું હોવાના કારણે અસંખ્ય વૃક્ષોના મુળીયા ધોવાતા હવે હચમચી ગયા છે. ગમે ત્યારે ડામર રોડ પણ વૃક્ષો ધરાયશી થયાનું જોખમ ઉઘાડી આંખે જોઈ શકાય છે પરંતુ હજી સુધી જવાબદાર તંત્ર રોઈ સાઈડના ધોવાણના કારણે પડવાના વાંકે ઉભા રહેલા વૃક્ષો દુર કરવામાં નિષ્ફળ રહયું છે. જિલ્લાના હાઈવે તેમજ અંતરિયાળ ગામડાઓના ડામરના રસ્તાઓની સુધારણા તંત્ર દ્વારા કરોડો રૂપિયાનું આંધણ કરીને કરાયું હોવા છતાં રોડની સાઈડોનું યોગ્ય રીતે મરામત કામ થયું નથી અને વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી ખેતરોમાં અવરોધાતું પાણી સીધુ રોડની સાઈડોમાં ધસમસતું સીધુ રોડ ઉપર વહેતું હોય છે. જેના કારણે ડામર રસ્તાઓને પણ માઠુ નુકશાન પહોંચ્યું છે.

જિલ્લામાં ચોમાસા પૂર્વે જોખમી વૃક્ષો દુર કરવાની સૂચના છતાં તંત્ર દ્વારા તે દુર કરવામાં આવ્યા નથી હવે ભારે વરસાદથી અસંખ્ય વૃક્ષો રોડ સાઈડ ધોવાવાથી પડવાના વાંકે ઉભા છે.

# વરસાદી માહોલને લઈ અરવલ્લીની ગિરિમાળા કુદરતી સૌંદર્યનો નજારો...



પાલનપુર તા.૧૪

દાંતા અંબાજીમાં ભારે વરસાદ પડતાં અહી જંગલ અને ખુલ્લા મેદાનોમાં લીલી હરિયાળી પથરાઈ છે સાથે જલોત્રા નજીક અરવલ્લી ગિરિમાળાએ પણ લીલી ચાદર ઓઢી હોય તેમ પહાડોમાં લીલા વૃક્ષો ખીલી ઉઠતા અને પર્વતની ટોચ સાથે જાણે વાદળો વાતો કરતા હોય તેવો અદભુત કુદરતી સૌંદર્ય ની નજારો સર્જાયો છે જેને માણવા પ્રકૃતિ પ્રેમી ઓ જંગલ માં લટાર મારતાં જોવા મળી રહ્યા છે.

# તામિલનાડુની ભૂલી પડેલી મહિલાનું ૧૩ વર્ષ બાદ પરિવારના એકમાત્ર દીકરા સાથે મિલન

અરવલ્લી, તા.૧૪

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટરને વધુ એક સફળતા મળી છે અને પુત્રનું માતા સાથે મિલન કરાવ્યું છે.

સરીતાનું કાઉન્સિલિંગ કરવામાં આવ્યું હતું જોકે તેઓ જે ભાષા બોલતા હતા તે સમજણ ન પડતા કાગળ પર લખાવતા તામિલ ભાષા જણાઈ આવી હતી. તામિલ ભાષાના જાણકાર ને સખી વન સ્ટોપ સેન્ટર પર બોલાવી કાઉન્સિલિંગ કરવામાં આવતા મહિલા કન્યાકુમારીના આજુબાજુના ગામડાઓના નામ જણાવતા ત્યાંના પોલીસ સ્ટેશન તેમજ કન્યાકુમારીના સખીવન સ્ટોપ સેન્ટરના નોડલ અધિકારી સાથે વાત કરવામાં આવી હતી. આ સાથે જ આસપાસના ગામડાઓની માહિતી મળી આવતા સરીતા કન્યાકુમારી ના થાઝાકુડી ગામના હોવાનું જાણવા મળ્યું હતું.

ત્યારબાદ વીડિઓ કોન્ફરન્સ થી તેમના પુત્ર સાથે વાત કરાવતા પુત્રની આંખો હર્ષના આસુથી ભિંજાઈ ગઈ હતી. સરિતાનો પરિવાર આર્થિક રીતે સક્ષમ ન હોવાથી તેમને વધુ દિવસ સેન્ટર માં રાખવા જણાવેલ હતું, જેથી પૈસાની સગવડ થતાં જ સખી વન સ્ટોપ સેન્ટર અરવલ્લી ખાતે સરીતાનો દીકરો લેવા માટે આવતા માતા અને પુત્રનું મિલન થયું હતું. અરવલ્લી જિલ્લા કલેક્ટર ની અધ્યક્ષતા હેઠળ તથા સખી વન સ્ટોપ સેન્ટરના નોડલ અધિકારી મહિલા અને બાળ અધિકારી હસીનાબેન તથા પરખ સંસ્થાના મંત્રી કૌશલ્યા કુંવરબાના માર્ગદર્શન હેઠળ પરખ સંસ્થા સંચાલિત સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા કેટલાય વિખૂટા પરિવારોનું મિલન થયું છે.

### ૨૦ લાખના બે ૨૦ દિવસ પણ ન ચાલ્યા

# ગજબ ભ્રષ્ટાચાર ! મોડાસા પાલિકા વિસ્તારમાં RCC રોડ પ્રથમ વરસાદમાં જ ધોવાયા

## મોડાસાની નાલંદા-૨ સોસાયટીથી ૪૦૦ બંગ્લોઝ રોડ અને જલદીપ સોસાયટીથી ડી.પી.રોડ ને જોડતા આરસીસી રોડમાં થયેલ ગોબાચારીની પોલ પ્રથમ વરસાદે ખોલી નાખી : મોડાસા નગરપાલિકા દ્વારા છેલ્લા ૬ મહિનામાં બનાવેલ આરસીસી રોડ અંગે ગાંધીનગર વિજિલન્સની ટીમ દ્વારા તપાસ કરવામાં આવેની લોકમાંગ





મોડાસા, તા.૧૪

મોડાસા નગરની સ્થાનિક સ્વરાજયની સંસ્થા એવી નગરપાલિકાના કયાંય પણ વિકાસના કામ ચાલુ હોય ત્યાં ભ્રષ્ટાચારનો આક્ષેપ ન થાય તો જ નવાઈ...? મોડાસા શહેરની નાલંદા-૨ સોસાયટી થી ૪૦૦ બંગ્લોઝ સુધી અને મેઘરજ રોડ પર આવેલી જલદીપ સોસાયટીથી ડીપી રોડને જોડતો બંને આરસીસી રોડ વિસ લાખ જેટલા રૂપિયાના ખર્ચે ૨૦ દિવસ અગાઉ નવો રોડ બનાવવામાં આવ્યો છે પ્રથમ વરસાદમાં બંને રોડ પર સિમેન્ટનું લેયર ધોવાતાં કપચી-કાંકરા બહાર ઉખડીને આવતા કોન્ટ્રાકટર દ્વારા આરસીસી રોડ બનાવવા હલકી કક્ષાનું મટેરિયલ્સ અને નબળી ગુણવત્તા કામકાજ કરવામાં આવ્યું હોવા છતાં નગરપાલિકા તંત્ર દ્વારા આંખ આડે કાન કરવામાં આવ્યા હોવાનું નગરમાં ચર્ચાઈ રહ્યું છે

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર,મોડાસાના માલપુર રોડ પર સહયોગ ચોકડી નજીક આવેલ નાલંદા-૨ સોસાયટી અને મેઘરજ રોડ પર આવેલી જલદીપ સોસાયટીમાં લાખ્ખો રૂપિયાના ખર્ચ આરસીસી રોડનું નિર્માણ શરૂ થતા રહીશોમાં આનંદ છવાયો હતો જો કે બંને રોડ લોક ઉપયોગમાં ખુલ્લા મુકાયાના ૨૦ દિવસના ટૂંકા ગાળામાં પ્રથમ સામાન્ય વરસાદમાં ભ્રષ્ટાચારના પોપડા ઊખડ્યા પછી ધોધમાર વરસાદમાં બંને રોડ પરથી કપચી-કાંકરા ઉખડીને બહાર આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

જલદીપ સોસાયટીના રહીશોએ ભેગા થઈ રોડ પર મોડાસા નગરપાલિકાનો હુરિયો પણ બોલવી આક્રોશ ઠાલવ્યો હતો નાલાંદા-૨ સોસાયટીના રહીશોમાં રોષ ફેલાયો હોવાની સાથે મિલ્કતવેરા વસુલાતમાં પાવરધી નગરપાલિકા કોન્ટ્રાકટર દ્વારા રોડના કામકાજ સમયે આંખો બંધ કરી દેતી હોવાનો આક્ષેપ સાથે રોડ બનાવનાર એજન્સીને બ્લેક લિસ્ટ કરી નાણાં અટકાવવામાં આવે તેમજ રોડ ફરીથી બનાવવા માંગ ઉઠી છે

નાલંદા-૨ સોસાયટીના જાગૃત નાગરિકના જણાવ્યા અનુસાર, નાલાંદા-૨ અને જલદીપ સોસાયટીમાં ૨૦ દિવસ અગાઉ નવનિર્મિત આરસીસી રોડ પરથી કપચી-કાંકરા બહાર નીકળી જતા આ કામમાં કોન્ટ્રાકટરોએ દાખવેલી બેદરકારી પ્રત્યે અધિકારીઓએ બેધ્યાની વર્ત્યા નું પણ સ્પષ્ટ જણાઈ રહ્યુ છે. રોડ બનાવવામાં ગુણવત્તા પર અધિકારીઓએ ધ્યાન નહીં અપાયાનું પહેલી નજરે લાગે છે. ત્યારે લોકોમાં ચર્ચાનું કેન્દ્ર રોડ બન્યો છે લોકોના મનમાં અનેક પ્રશ્નો પેદા થયા છે કે આવુ કામ કરી સરકારી નાણાં વ્યય શુ કામ કરવામાં આવે છે ? આ કામ એટલુ કામચલાઉ, સરસરી અને તકલાદી કરવામાં આવ્યુ છે તે સ્થળ પર પ્રત્યક્ષ જોતા ખ્યાલ આવી શકે છે.

# પ્રાંતિજ પોલીસે અમેરિકા પ્રકરણ કેસમાં વધુ એક આરોપીને ઝડપી પાડયો

## ઝડપાયેલ આરોપી પાસેથી વધુ એક નામ ખુલતા પ્રાંતિજ પોલીસે વધુ એક આરોપીને ઝડપી પાડ્યો : હજુ અમદાવાદનો મુખ્ય આરોપી પોલીસ પકડથી દુર



### મહેન્દ્ર પટેલને પકડવા અલગ અલગ ટીમો બનાવી

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના ડીગુચાનો રહેવાસી અને હાલ અમદાવાદના ન્યુ રાણીપમાં બી/૫, ૩૦૧ આર્યવિલા એપાર્ટમેન્ટમાં રહેતા મહેન્દ્રભાઈ ઉર્ફે એમ.ડી બળદેવભાઈ પટેલ એજન્ટની શોધખોળ પોલીસે વિવિધ ટીમો બનાવી હાથ ધરી છે.

### આરોપી મહેન્દ્ર પટેલને લઈ ખુલાસો

ઘટનામાં એજન્ટની ભૂમિકામાં રહેલા મહેન્દ્ર પટેલ ગાંધીનગર જિલ્લાના કલોલ ગામનો વતની છે મહેન્દ્ર પટલના ભાઈ અને ભાભી ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ મેળવવા દરમિયાન મોતને ભેટ્યા હતા મહેન્દ્ર પટેલના ભાઈ જગદીશ પટેલ અને ભાભી વૈશાલી પટેલ કેનાડાથી અમેરિકામાં પ્રવેશ મેળવવા દરમિયાન વધુ પડતી ઠંડીમાં મોતને ભેટ્યા હતા ભાઈ અને ભાભીના બે સંતાનો પણ મોતને ભેટતા કુલ ચાર લોકો એક જ પરિવારના મોતને ભેટ્યા હતા જે ઘટના વખતે પણ મહેન્દ્ર પટેલની પોલીસે પૂછપરછ કરી હતી મહેન્દ્ર પટેલની શોધખોળ પ્રાંતિજ પોલીસ કરી રહી છે પોલીસે તમામ કડીઓ મેળવવા માટે પ્રયાસ કર્યો છે, જે ૯ ગૂમ જેવી સ્થિતીમાં રહેલા લોકો સુધી સંપર્ક કરાવી આપે આ માટે પોલીસને સૌથી જરુરી આરોપી મહેન્દ્ર પટેલની પૂછપરછનો છે, આ માટે પ્રાંતિજ પોલીસે જુદી જુદી ટીમો રચીને મહેન્દ્ર પટેલની ધરપકડ કરવા શોધખોળ શરુ કરી છે

પ્રાંતિજ તા.૧૪

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના વાધપુર ગામનો યુવક સહિત ગેરકાયદેસર અમેરિકામાં ઘૂસાડવા જતા ગૂમ ૯ ગુજરાતીઓનો મામલો, પોલીસે વધુ એક એજન્ટ ઝડપ્યો , થયો મોટો ખુલાસો પ્રાંતિજ તાલુકાના વાઘપુર ગામનો યુવક ભરત દેસાઈ ગત જાન્યુઆરી માસની ૮ તારીખે અમેરિકા જવા માટે નિકળ્યો હતો તેઓની સાથે અન્ય ૮ વ્યક્તિઓ પણ અમેરિકા જવા માટે નિકળ્યા હોવાનો એજન્ટોએ ભેટો કરાવ્યો હતો આ મામલામાં છેલ્લા પાંચ મહિનાથી આ તમામ ૯ લોકોનો સંપર્ક થઈ રહ્યો નથી.

પ્રાંતિજ પોલીસે આ મામલે કડીના ધારીસણા ગામના ચતુરભાઈ પટેલની ધરપકડ કરી છે ચુતરભાઈ પટેલે ૯ પૈકીના ૩ વ્યક્તિઓને અમેરિકા ઘૂસણખોરી કરાવવામાં વચેટીયા તરીકે ભૂમિકા ભજવી હતી.

પ્રાંતિજ પોલીસે શરુઆતમાં દિવ્યેશ પટેલ અને ડિંગુચાના મહેન્દ્ર પટેલ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરુ કરી હતી આ દરમિયાન પોલીસને જાણવા મળ્યુ કે, વધુ એક એજન્ટ પણ આ ઘટનામાં સામેલ છે જેને લઈ પોલીસે તેની તપાસ શરુ કરી હતી અને ચુતરભાઈ પટેલેની કડી તાલુકામાંથી ધરપકડ કરી હતી.

# શામળાજી પંથકની સ્કૂલમાં શિક્ષક હેવાન બનીને શિક્ષકા પર દુષ્કર્મ આચર્યું : પોલીસ ફરિયાદ નોંધાઈ

અરવલ્લી, તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી પંથકમાં સ્કૂલમાં ફરજ બજાવતી પરણિત શિક્ષિકા પર તેની સાથે ફરજ બજાવતા શિક્ષકે બાઈક પર બેસાડી જંગલમાં લઈ જઈ મહિલા શિક્ષિકાને જાનથી મારી નાખવાની ધમકી આપી અને નોકરી પણ નહીં કરવા દઉં કહી દુષ્કર્મ આચરી મહિલાને રોડ પર ઉતારી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી શિક્ષિકા પર સહકર્મીએ દુષ્કર્મ આચરતા શિક્ષિકા ફફડી ઉઠી હતી તેના પતિને સમગ્ર ઘટના અંગે જાણ કરતા તેના પતિએ હિંમત આપતા મહિલા શિક્ષિકાએ વિજયનગર પંથકના લંપટ શિક્ષક સામે ટીંટોઈ પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં દુષ્કર્મી શિક્ષકને દબોચી લીધો હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી

ભિલોડા તાલુકાના શામળાજી પંથકની સ્કૂલમાં ફરજ બજાવતી શિક્ષિકાને શાળામાં ફરજ બજાવતો સહકર્મી લંપટ શિક્ષક ચાલુ સ્કૂલમાં તું મને બહુ ગમે છે અને મારે તારી સાથે લગ્ન કરવા છે અને તને સારી રીતે રાખીશ કહીં પજવણી કરતો હોવા છતાં શિક્ષિકા ધ્યાને લેતા ન હતા બુધવારે મહિલા સ્કૂલ છૂટ્યા પછી ઘરે જવા રોડ પર ઉભા રહેતા લંપટ શિક્ષક બાઈક લઈ શિક્ષિકા પાસે પહોંચી મારે પણ મોડાસા કામ છે તો ચાલો કહી શિક્ષિકાને બાઈક પર બેસાડી અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારમાં બાઈક લઈ જતા શિક્ષિકાએ અહીં ક્યાં બાઈક લઈ જાવ છો કહીં વિરોધ કરતા શિક્ષકે દમદાટી આપી હું કહું ત્યાં તારે આવવું પડશે કહી જંગલમાં બાઈક ઉભી રાખી શિક્ષિકાને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરી દુષ્કર્મ આચરી મહિલાને રોડ પર મૂકી ફરાર થઈ ગયો હતો

શિક્ષિકા પર સહકર્મી શિક્ષકે દુષ્કર્મ આચરતા મહિલા ગભરાઈ ગઈ હતી અને ઘરે પહોંચી ગુમસુમ રહેતા અને અચાનક રડવા લાગતા તેનો પતિ ચોંકી ઉઠ્યો હતો રડવાનું કારણ પૂછતા મહિલાએ સમગ્ર ઘટનાનું વર્ણન કરતા શિક્ષિકાનો પતિ ચોંકી ઉઠ્યો હતો અને મહિલાને હિંમત આપી હવસખોર શિક્ષકને કાયદાના પાઠ ભણવવા ટીંટોઈ પોલીસ સ્ટેશનમાં વિજયનગર પંથકના શિક્ષક સામે ફરિયાદ નોંધાવતા ટીંટોઈ પોલીસે શિક્ષક સામે દુષ્કર્મનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# પાલનપુરમા મહિલા મંડળ ગુપ્તા સમાજે હરિયાળી ત્રીજ મહોત્સવની ઉજવણી કરી




પાલનપુર તા.૧૪

પાલનપુરમાં અખિલ ભારતીય કેન્દ્રીય મહિલા મંડળ અંતર્ગત ગુજરાત મહિલા મંડળ ગુપ્તા સમાજની બહેનો દ્વારા હરિયાળી ત્રીજ મહોત્સવના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજની મહિલાઓ ગુજરાત ભર માંથી ઉપસ્થિત રહી હતી. જેમાં કેન્દ્રીય મહિલા અધ્યક્ષ દિપીકા ગુપ્તા, ડો.મધુરીમાં ગુપ્તા મહામંત્રી , ગુજરાત મહિલા મંડળ અધ્યક્ષ સુધા ગુપ્તા, ગુજરાત મહિલા મંડળ મંત્રી રજની સુહાસ ગુપ્તા, પાલનપુર મહિલા મંડળ પ્રમુખ સુનિતા બેન ગુપ્તા, પાલનપુર મહિલા મંડળ મંત્રી સુજાતા કેતન ગુપ્તા સહિત મહિલા મંડળના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા..

### જન્મદિવસે વધામણી



હસ્ત સંદીપભાઈ પટેલ
ધનસુરા, જિ.અરવલ્લી